# શ્રી પત્રી સર્વોદય સમાજ

## પ્રગતિના પચીશ વર્ષ

[ સમાજે પચીશ વર્ષ દરમિયાનના તેના જીવનકાળમાં કરેલ કાર્યવાહી અને તે દરમિયાન તેને થયેલ કડવા મીઠા અનુભવોનું રેખાદર્શન ]

આજથી પચીશ વર્ષ પૂર્વે, જ્યારે દેશભરમાં ઉત્ક્રાન્તિ ચાલી રહી હતી. દેશભરના યુવાનોમાં અન્યાય અને અનિષ્ટો સામે લડી લેવાનો અને રચનાત્મક પ્રવૃત્તિઓ હિંમતભેર ઉપાડી લેવાનો અંકુર ફુટયો હતો, કેળવણીમાં પછાત ગણાતા કચ્છના ગામે-ગામમાં રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવાના ઉદ્દેશથી મંડળો સ્થાપાતા હતા, ત્યારે 'શ્રી પત્રી સર્વોદય સમાજ'ની સ્થાપના થઈ. પરમ પૂજ્ય ગાંધીજીએ આરંભેલી ઈતિહાસ પ્રસિધ્ધ દાંડીકૂચની પૂર્વ તૈયારીનો એ કાળ હતો. કચ્છ તે વખતે રાજાશાહીની એક-હથ્થુ સત્તાની અસર નીચે હતું. તેને પુ. ગાંધીજીના નવા વિચારો પચાવવા મુશ્કેલ હતા. એટલે નવા વિચારો ધરાવતા નવયુવાનોનાં પ્રયાસથી સ્થાપાતાં મંડળો, ગામડાનાં રૂઢિચુસ્તોના અસહકારને કારણે, નિષ્ફળ નિવડતાં. આવી રીતે ઘણાં મંડળો, સ્થાપના બાદ તુરતજ કોઈપણ જાતની કાર્યવાહી કર્યા વગર, બંધ થઈ જતાં. આવા વિષમ સંજોગોમાં અનેકવિધ ઝંઝાવાતો સહન કરી, પ્રત્યાઘાતી તત્ત્વો સામે ટક્કર ઝીલી, અણનમ ઉભા રહેલા મંડળોમાં 'શ્રી પત્રી સર્વોદય સમાજ' પણ એક છે.

### શુભ શરૂઆત

સંવત ૧૯૮૩ની સાલમાં શ્રી શીવજી નથુ છેડા મુંબઈથી પોતાના વતનમાં આવેલા ત્યારે અચાનક ગામમાં બિરાજતા એક સાધ્વીજીનું, કુતરું કરડવાથી સ્વર્ગગમન થયું. તેઓશ્રીની સ્મશાનયાત્રાના સરઘસ વખતે વ્યવસ્થા જાળવવાનું કાર્ય શ્રી શીવજીભાઈએ માથે લીધું; અને આ પ્રસંગ પરથી જ તેમને એકાદ મંડળ રચી ગ્રામ પ્રવૃત્તિઓ ઉપાડી લેવાનું મન થયું. તેઓ જ્યારે મુંબઈ પાછા ફર્યા ત્યારે આ વાત પોતાના શેઠ શ્રી લખમશી ભીમશીને કહી. શ્રી લખમશીભાઈએ તેમની આ વાતને ખૂબ પ્રોત્સાહન આપ્યું; અને સ્વર્ગસ્થ શ્રી મોનજી મુરજી સાથે મુલાકાત કરાવી આપી. આ બન્ને સેવાની ધગશવાળા અને સુધારક દિલના યુવાનોના પ્રયત્નથી અને શ્રી ખીમજી માડણ ભુજપુરીઆની દોરવણી દ્વારા, સંવત ૧૯૮૪ના કારતક સુદ ૧ ને બુધવાર તા. ૨૬-૧૦-૨૭ના રોજ, મુંબઈમાં લોઅર પરેલ મુકામે, 'શ્રી પત્રી વીશા ઓશવાળ જૈન હિતવર્ધક સમાજ'ના નામથી આ સંસ્થાનો જન્મ થયો. સમાજના હિતેચ્છુઓની પહેલી સભા તા. ૨૧-૧૧-૨૭ના દિવસે બોલાવવામાં આવી, જેમાં એકત્રીસ ગૃહસ્થોએ હાજરી આપી હતી. બંધારણનું આછું સ્વરૂપ તૈયાર કરવામાં આવ્યું અને કાર્યવાહકોની ચૂંટણી કરવામાં આવી. આ સંસ્થા સ્થાપવા માટે યુવકોને પ્રોત્સાહન આપી તેમના ઉત્સાહમાં અભિવૃધ્ધિ કરનાર, સમાજના જન્મદાતા શ્રી લખમશી ભીમશીને પ્રથમ પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. ટૂંક સમયમાં જ સેવાની ધગશવાળા પચાસેક સભાસદો મેળવવા સમાજ ભાગ્યશાળી બન્યું.

## માંદાની માવજતની ચીજો :—

સમાજના ઉદ્દેશો અને બંધારણની રચના બાદ તુરતમાં જ સમાજે સેવાના પ્રથમ પગથીઆ તરીકે "માંદાની માવજતની ચીજો" વસાવવાનું નક્કી કર્યું. આમાં અળશીના લેપના ડબ્બા, લેપના ઉપયોગ માટેના કપાસના બંડલો, રાઇનું પ્લાસ્ટર વિગેરે ચીજો પડતર કિંમતે વેચવા માટે દેશમાં મોકલવામાં આવી. રાહતની દ્રષ્ટિએ જોતાં એ ચીજો ગામમાં ખૂબ આશીર્વાદ રૂપ નિવડી. વળી આ ચીજોથી ગામને આર્થિક લાભ પણ થયો. આ ચીજો ખરીદવા માટે દશ માઇલ દૂર આવેલ મુંદરા શહેરમાં જવું પડતું તથા પૈસા વધુ આપવા છતાં તે ચીજો સમયસર મળવાનો કોઇ સંભવ ન હતો. આવી સ્થિતિમાં સમાજની આ પ્રવૃત્તિ કેટલી ઉપયોગી હતી તે સહેજ સમજી શકાય એમ છે. માંદાની માવજતની ચીજોમાં બીજું ખાતું "ડીપોઝીટ રખી આપવાની વસ્તુઓ" નું શરૂ કરવામાં આવ્યું. તેમાં ગરમ પાણીથી શેક કરવાની થેલી, સંડાસ, મૂત્રીઓ, દવા પાવાની કીટલીઓ, દૂધ પાવાની શીશીઓ, થર્મોમિટરો, બનાતના છાતીએ બાંધવાના પાટાઓ, ઝાડા તથા પિસાબ ઉતારવાના સાધનો, કાન ધોવાની પિચકારીઓ, ધાવણ ખેંચવાના બ્રેસ્ટપંપો, કાળા ચશ્મા વિગેરે માંદાની માવજત અંગે ઉપયોગી થાય એવી ચીજો વસાવવામાં આવી. ગામડા ગામમાં આ સાધનો કેવા ઉપયોગી અને આશિર્વાદરૂપ નિવડે છે એ થોડું જ જણાવવું પડે એમ છે? સમાજના માવજત ખાતામાંની વસ્તુઓ કોઇ પણ જરૂરીઆતવાળાઓને જોઇતી હોય તો તેને વિના ડીપોઝીટે કે વિના મૂલ્યે આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. સમાજની આ પ્રવૃત્તિ આજ પણ ચાલુ છે.

## પાણીનું પરબ :—

તા. ૧૦–૩–૨૮ ની સામાન્ય સભામાં સમાજના પ્રગતિદર્શક બીજા પગથીઆ તરીકે "પાણીનાં પરબ"ની વ્યવસ્થા કરવાનું નક્કી થયું. પત્રીથી કારાઘોઘા રસ્તે ભુજપુર જતા મુખ્ય રસ્તા ઉપર અને ફોટ નદીની પૂર્વ દિશામાં એક માઇલ પર આ પરબ બેસાડવામાં આવ્યું. આ પરબ કોઇપણ જાતની મજબુત વ્યવસ્થા વગર છેલ્લા ચારપાંચ વરસોથી થોડાક ગૃહસ્થોના સહકારે ચાલતું હતું. સમાજે તેને માટે જુદું ફંડ કરી તેની વ્યવસ્થા પોતાને હસ્તક લીધી. શરૂઆતમાં ત્યાં કાચી ઝુંપડી બાંધવામાં આવતી. આજ તેની જગ્યાએ પાકું બાંધેલું વિશ્રામસ્થળ છે. જ્યાં વર્ષના લગભગ પાંચેક મહિના સુધી સંખ્યાબંધ તૃષાતુર પ્રવાસીઓ પોતાના આત્માને સંતોષે છે. તેમજ રાત્રીને વખતે પાણીથી ભરેલ કુંડીઓથી અસંખ્ય મૂંગા પ્રાણીઓને લાભ મળે છે. પરબનાં પાણી માટે બહુ દૂર જવું પડતું હોવાથી સમાજે વિશ્રામ સ્થળની બાજુમાં એક કૂવો પણ ખોદાવેલ છે. તેમજ તેની બાજુમાં સારા ઘટાદાર વૃક્ષો ઉછેરવામાં આવ્યા છે. એટલે પ્રવાસી બે ઘડી વિસામો લેવાના લોભને રોકી શકતો નથી. શાંત અને આલ્હાદજનક વાતાવરણને કારણે તેનો અર્ધો થાક સહેજ ઉતરી જાય છે. વિશ્રામ સ્થળ તેમજ કૂવો બાંધવા માટે ગામના સ્વ. શેઠ શ્રી. કેશવ ખીમરાજની વિધવા બાઇ પુંજીબાઇએ રૂ. ૫૫૦) ની ઉદાર સહાય તેમના પતિશ્રીની સ્મરણાંજલી જાળવવા માટે આપેલ છે.

## વાંચનાલય:—

સમાજની તા. ૨–૫–૨૮ ની સભામાં ગામમાં એક વાંચનાલય તથા પુસ્તકાલય શરૂ કરવાનું નક્કી થયું. આજના જમાનામાં સંસ્કારી સાહિત્યની ખોરાક જેટલીજ જરૂરીઆત હોય છે. દુનિયાભરના પ્રદેશોમાં ચાલતા વાતાવરણથી માહિતગાર રહેવા માટે વર્તમાનપત્રો એ મુખ્ય સાધન તરીકે સર્વાનુમતે સ્વીકારાયા છે. સામાજિક, વ્યાપારિક, હુન્નર ઉદ્યોગ, આરોગ્ય, વિજ્ઞાન, બાળસાહિત્ય, નૈતિક તથા શૈક્ષણિક બાબતોથી ગામવાસીઓ માહિતગાર રહે એ આશયથી સમાજે શરૂઆતથીજ વિવિધ સાહિત્ય પીરસતા ઉચ્ચ કોટિના

દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક તથા માસિકો મંગાવવાનું શરૂ કર્યું હતું; અને આજ પણ વિવિધ સાહિત્ય પીરસતા ઉચ્ચ કોટિના સામાયિકો સારી સંખ્યામાં મંગાવવામાં આવે છે.

## પુસ્તકાલય :—

વાંચનાલયની સાથે સાથે ગ્રામનિવાસીઓને તેમની ફુરસદના સમયે આવશ્યક વાંચનનો લાભ મળે અને તેમની માનસિક શક્તિ ખીલે, એ હેતુસર સમાજ તરફથી એક નાનકડું પુસ્તકાલય પણ શરૂ કરવામાં આવ્યું. સારા વાંચનના અગ્રગણ્ય લાભો હોઈ તે દરેક શિક્ષિત મનુષ્ય માટે જરૂરી છે. તે જરૂરીઆતને પહોંચી વળવા સમાજ તરફથી શક્ય તેટલા પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ વિભાગની ઉપયોગીતા પીછાણીને સંવત ૧૯૯૭ માં સ્વ૦ શેઠ શ્રી ભોજરાજ રણશીના વિદુષી વિધવા બાઈ પાનબાઈ તરફથી પોતાના પતિનું પુણ્ય સ્મરણ જાળવવા રૂ. ૫૦૧ની રકમ અર્પણ કરવામાં આવી છે. એટલે આ વિભાગનું નામ 'સ્વ૦ ભોજરાજ રણશી સ્મારક પુસ્તકાલય' રાખવામાં આવ્યું છે. આજે આ પુસ્તકાલયમાં વિવિધ રસોપયુક્ત ૧,૮૫૦ પુસ્તકો છે. આ વિભાગને હજી પણ વિસ્તૃત કરવાની અમારી ઉમેદ છે.

## પ્રેત ભોજન ત્યાગ :—

ગ્રામ સુધારણાની સેવાભાવી પ્રવૃત્તિ ઉપરાંત સમાજે એક સામાજીક કાર્ય પણ હાથ ધર્યું હતું. તા. ૨૫–૧૧–૨૯ ની સભામાં સમાજે 'પ્રેત ભોજન ત્યાગ'ની પ્રવૃત્તિ ઉપાડી લેવાનું નક્કી કર્યું. કોઇ પણ વ્યક્તિના અવસાન બાદ તેના વારસો તરફથી આખા ગામને મિષ્ટાન્નનું જમણ આપવામાં આવતું; અને આવા ભોજનો પાછળ મોટી રકમનો ખર્ચ કરવો પડતો. એટલુ જ નહિં પણ આ એક સામાજિક ફરજ જેવું ગણાતું. એટલે શક્તિ વિનાના ભાઇઓને પણ આ બોજ મને કે કમને ઉપાડવાની ફરજ પડતી. પરિણામે સંખ્યાબંધ કુટુંબો કરજના બોજા નીચે દબાયલા જ રહી જતા આ અનિષ્ટને દૂર કરવા સમાજના કેટલાક ગૃહસ્થોએ પ્રેત ભોજનમાં ભાગ ન લેવા પ્રતિજ્ઞા લીધી. ઉપરાંત સ્થાનિક મહાજન કે જે આવા ભોજન સમારંભોનું સંચાલન કરતું. તેના ઉપર પણ એ કુરૂઢિને બંધ કરવા વિનંતી કરવામાં આવી, મહાજને તેનો સ્વીકાર કરી આ કુરુઢિને બંધ કરવા ખાત્રી આપી. આ રીતે સામાજિક કુરુઢિને જડમુળથી બંધ કરવાની પ્રવૃતિને સર્વાંશે સફળતા મળી.

## પાણીની સગવડ :—

સમાજનો એકજ ઉદ્દેશ સેવા કરવાનો છે. એટલે સમાજ સેવા કરવાની દરેક પ્રવૃત્તિનો પોતાની શક્તિ અનુસાર સ્વીકાર કરતું આવ્યું છે. સંવત ૧૯૯૨ ની સાલની એક સભામાં સમાજે ગામમાં આવતી અને ગામમાંથી જતી જાનોના માણસો માટે પાણી પીવરાવવાની વ્યવસ્થા કરવાનું નક્કી કર્યું. સમાજની આ પ્રવૃત્તિ આજ પણ ચાલુ છે, સાથે સાથે સમાજ તરફથી મોટર સ્ટેન્ડ પર બસના સમયે પણ પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે.

## શિક્ષણ ક્ષેત્રે :—

ગામમાં દરબારી, મહાજન હસ્તકની પાઠશાળા, તથા બીજી ખાનગી શાળાઓ ચાલુ હોતાં, સમાજને એ દિશામાં સ્વતંત્ર પ્રવૃત્તિ કરવાની વધારે જરૂર પડી ન હતી પણ ચાલતી શાળાઓનું શિક્ષણ ધોરણ કેમ, સુધરે તેની તકેદારી રાખવાનું સમાજે જારી રાખ્યું. તેમજ આર્થિક જરૂરીઆતમાં પણ સહાયતા આપવાની કોશીષ કરી જેમાં મહાજન હસ્તક ચાલતી પાઠશાળાને કોરી ૧૦૦૧ ની સહાય આપવાનું તારીખ ૩૧–૭–૨૯ ની સભામાં નક્કી થયું. તદનુસાર એ રકમ મહાજનને આપવામા આવી. પરંતુ મહાજન

હસ્તકની પાઠશાળામાં લાંબો સમય ચાલુ રહી શકી નહિં એટલે તેજ અરસામાં ગામનાજ એક ઉત્સાહી અને કેળવણી પ્રિય કાર્યકર શ્રી. કુંવરજી લાલજી કાપડીઆએ એક શાળા થોડા સમય માટે ચાલુ રાખી પણ તેમને ધંધાર્થે બહારગામ જવાનું થવાથી અને ગામમાં તે વખતે બીજી કોઇ સારી શાળા ન હોવાથી ગામના બાળકોનું શિક્ષણ નબળું પડશે એ ભયથી એનો વહિવટ શ્રી. શીવજી નથુ છેડા તથા શ્રી. ટોકરશી લાલજી કાપડીઆએ પોતાના હસ્તક લઇ લીધો; અને એ શાળાને "વિનય મંદિર" એવું નામ આપ્યું. ત્યાર બાદ સમાજને એ પ્રવૃત્તિ સંભાળી લેવાની વિનંતી કરવામાં આવી, જેનો સમાજે સહર્ષ સ્વીકાર કર્યો, અને સંવત ૧૯૯૮ ના ફાગણ વદ ૧૦ ને ગુરૂવાર તા૦ ૧૨-૩-૧૯૪૨ ના દિવસે કચ્છ સમાઘોઘાનિવાસી સ્વ૦ રાવ-બહાદુર શ્રી. વીરજી ડાહ્યાભાઇના વરદ હસ્તે સદરહુ શાળા ખુલ્લી મૂકાઇ.

## સંવત ૧૯૯૬ નો ભીષણ દુકાળ :—

સંવત ૧૯૯૬ માં કચ્છ પર અનાવૃષ્ટિને કારણે દુષ્કાળના ભયાનક ઓળા ઉતર્યા. નબળાં પશુઓ અને ગરીબ તથા મજુરી પર આજીવિકા ચલાવતા માણસોને રાહતની જરૂરીઆત ઉભી થઇ, સમાજ સૌની વહારે ધાયું, નબળા ઢોરોને રક્ષણ આપતા વાડાના સંચાલકોને રૂ. ૫૦૦) આપવામાં આવ્યા. ગામના દયાપ્રેમી કાર્યકર સદગત શ્રી. લખમશી કેશવજીએ પોતાના ખર્ચે સસ્તા ભાવે અનાજ આપવાનું શરૂ કરેલ તેમાં તેમને રૂ. ૧૦૦) ની મદદ મોકલવામાં આવી, ઉપરાંત ગરીબ ગ્રામવાસીઓને રાહત આપવા માટે સમાજના કાર્યાલયમાં પચીસ ટકા ઓછા ભાવે, દરરોજ અનાજની એક ગુણી વેચવાનું શરૂ કરવામાં આવ્યું, જેમાં સમાજે કોરી ૬૦૦) ની નુકશાની સહન કરી હતી.

દુષ્કાળ દરમિયાન ગામના જાનવરોને લીલો ચારો માત્ર કોરી એકના મણના ભાવે પુરો પાડી શકાય એ હેતુથી, નહેરના પાણીથી વીસ પ્રાજ્ઞ જમીનમાં જુવારનું વાવેતર કરવાની યોજના ઘડવામાં આવી. પરંતુ પાછળથી, ગામની કેટલીક વ્યકિતઓએ વ્યકિતગત રીતે એ જવાબદારી ઉપાડી લેતાં, સમાજને એમાં કશું કરવા જેવું ન લાગ્યું.

મજુરી પર આધાર રાખતા કુટુંબોને રાહત આપવા, દરરોજની કોરી ૫૦) સુધીની રકમમાં જેટલા સ્ત્રી પુરૂષો કામે લાગી શકે તેટલાને કામે લગાડી, તળાવો, રસ્તાઓ તથા કુવાઓ દુરસ્ત કરવાનું શરૂ કરવામાં આવ્યું. આ કામ ૬૪ દિવસ સુધી ચાલુ રહ્યું, જેમાં એકંદરે ૭૪૧૬ માણસોને કામ આપવામાં આવ્યું. સમાજે આ કામ પાછળ કોરી ૩૫૭૫) નો ખર્ચ કર્યો હતો.

## એક દુઃખદ બનાવઃ—

સંવત ૧૯૯૯ માં એક દુઃખદ બનાવ બન્યો. ગામના એક ગૃહસ્થ, સંઘવી કાનજી ગાંગજી સામે મહાજને બહિષ્કાર જાહેર કર્યો, અને તેનો અમલ કરવા એટલે સમાજ હસ્તકની પ્રવૃત્તિઓનો લાભ એ ભાઈ લેવા ન પામે તે જોવા સમાજને આગ્રહ કર્યો. સમાજે તેમ કરવા પોતાની અનિચ્છા પ્રદર્શીત કરી. એટલે સમાજે મહાજનના નિયમોનું ઉલ્લંઘન કર્યું છે એમ જણાવી મહાજને સમાજનો પણ બહિષ્કાર કર્યો. સમાજ મહાજનના નિયમો પાળવાનું લેખિત કબુલાતપત્ર ન આપે ત્યાં સુધી સમાજની કોઇપણ પ્રવૃત્તિમાં ભાગ ન લેવાનું ગામવાસી ભાઇઓને સુચવવામાં આવ્યું. આ બાબતમાં મહાજને ગામવાસીઓની એક પરિપત્ર પર સહીઓ પણ લીધી હતી. જેમાં ગભરામણુને લીધે અન્ય ગામવાસીઓ ઉપરાંત સમાજના કેટલાક સભ્યોએ પણ સહીઓ આપી હતી. સ્થાનિક કાર્યાલય તથા સભ્યોના પત્રોમાંથી એવા સમાચારો પણ મળતા હતા, કે વિનય મંદિર બંધ થઇ જશે પગાર પરનો માણસ નોકરી છોડી દેશે તેમજ કાર્યાલયમાં ચીજો લેવા કે વાંચનાલય

પુસ્તકાલયનો લાભ લેવા કોઈ નહિં આવે. આવી વિકટ પરિસ્થિતિમાં પણ સમાજે મક્કમતા જાળવી, પોતાના ધ્યેય અનુસારની પ્રવૃત્તિઓ ચાલુ રાખી.

સમાજે મહાજનના એ અન્યાયી બહિષ્કાર સામે માથું ઉંચક્યું. ગામવાસીઓ જોગ બહાર પાળવામાં આવેલી પત્રિકા જે ઉપરથી મહાજનના નવ આગેવાનોએ સમાજના આઠ કાર્યકર્તાઓ ઉપર મુંદરા કોર્ટમાં ફોજદારી કાયદાની કલમ નં. ૨૦૪ મુજબ, બદનક્ષી થવા બદલનો દાવો કેમ ન માંડવો તેના કારણો બતાવવાની નોટીસો કાઢવાની અરજી દાખલ કરી જે અરજી નામંજુર થવા પામી. તે સમય દરમિયાન મહાજને પોતાની પાઠશાળા પણ શરૂ કરેલ, તેવામાં મહાજનના કાર્યકર્તાઓમાં મતભેદ પડયો. આખરે આ આખા પ્રકરણનું સુખદ સમાધાન કરવા બહારગામના લવાદ પંચો નીમવામાં આવ્યા. સમાઘોઘાવાલા સ્વ૦ રાવબહાદુર શેઠશ્રી વીરજી ડાહ્યાભાઈ, છશરાવાલા શેઠશ્રી ભવાનજી મુરજી, ભોરારાવાલા શેઠશ્રી ગગુભાઈ મુરગ તથા ભુજપુરવાલા શેઠશ્રી ભવાનજી ઉમરશી ભેદા ના બનેલા લવાદ પંચે ખૂબજ શ્રમ ઉઠાવી, આ ઝઘડાનો સુખદ અંત આણી અમને આભારી કર્યા.

## સ્વ. વેલબાઇ સેવાગૃહ :—

સમાજનું વર્ષો સુધી મંત્રીપદ સંભાળનાર અને હાલના પ્રમુખ શ્રી. શીવજી નથુ છેડાના ધર્મપત્નીના સ્વર્ગગમન બાદ તેમના સ્મરણાર્થે એક ફંડ તેમના સ્નેહીઓ અને સંબંધીઓ પાસેથી એકઠું કરવામાં આવ્યું; અને તે રકમ શ્રી પત્રી જૈન કન્યાશાળાને સ્વર્ગસ્થના નામનું પુસ્તકાલય શરૂ કરવા માટે આપવામાં આવી. શ્રી. શીવજીભાઇએ પોતાના સ્વ૦ ધર્મપત્નીના સ્મરણાર્થે એક મકાન કે જે આજે "સ્વ૦ વેલબાઈ સેવાગૃહ"ને નામે ઓળખાય છે; અને જેનો ઉપયોગ સમાજના કાર્યાલય તથા વિવિધ પ્રવૃત્તિઓ માટે થાય છે તે. તથા કોરી ૨૦૦૦) અંકે કોરી બે હજાર સમાજને અર્પણ કરી છે

## મોંઘવારીમાં રાહત :—

સંવત ૨૦૦૧)ની સાલમાં કચ્છમાં અસહ્ય મોંઘવારી વધી પડી, સમાજનું એ દિશામાં ધ્યાન દોરાયું; અને એક રાહતપીડી શરૂ કરવાનું નક્કી થયું તેમાં કોઇ પણ જાતના ભેદભાવ કે પક્ષાપક્ષી વગર દરરોજ માણસ દીઠ એક પાટવી અનાજ પડતર ભાવે વેચાણ કરવામાં આવ્યું. આ પાછળ સમાજે કોરીનો ૧૩૭૧) ખર્ચ કર્યો હતો.

સંવત ૨૦૦૩ની સાલમાં ફરી અનાજની મોંઘવારી ખૂબ વધી ગઇ ગરીબ માણસોને માટે અનાજ ખરીદવું પણ મુશ્કેલ બન્યું એટલે રાજ્ય તરફથી જે અનાજ મળતું તેમાં દર સઇ દીઠ કોરી પાંચ નુકસાની સહન કરી, ગામવાસીઓને આપવું એમ સમાજે નક્કી કર્યું. તેમજ જ્ઞાતિના ખરી જરૂરીઆતવાળા વીસ કુટુંબોને તેમનો માસીક કવોટા વિના મુલ્યે આપવાનું ઠરાવવામાં આવ્યું, આ રીતે સમાજ કોરી ૨૩૭૦)ની વધુ રાહત ગામવાસીઓને આપી શક્યું હતું.

## ધર્મશાળાનો વહીવટ :—

ગામમાં એક પણ ધર્મશાળા ન હોવાથી તેની ખાસ જરૂર હતી. સ્વ૦ શેઠ લખમશી કેશવજીના પ્રયત્નોથી એક ધર્મશાળા ગામના વથાણમાં સને ૧૯૩૦ માં બાંધવામાં આવી. તેમાં થોડી જગ્યા જુદી બાંધી તેનો ઉપયોગ જૈનોપયોગી કાર્યો માટે કરવામાં આવતો. બાકીનાં વિશાળ ભાગનો સાર્વજનિક કાર્યો માટે ઉપયોગ કરવામાં આવે છે. ધર્મશાળાના જૈનોપયોગી વિભાગના વહીવટકર્તાઓએ તેનો વહીવટ સંભાળી લેવા સમાજને વિનંતિ કરી, જે પરથી સમાજની તા. ૧૯-૮-૪૫ ની સભામાં સદરહુ ધર્મશાળાનો વહીવટ સંભાળી લેવાનું નક્કી કરવામાં આવ્યું. હમણાં પણ સમાજ એનો વહીવટ સંભાળી રહ્યું છે. આ ધર્મશાળા સાથેના હવાડાની વ્યવસ્થા પણ સમાજ કરી રહ્યું છે.

## સત્કાર સમારંભો :—

સમાજ યોગ્ય વ્યક્તિઓનું યોગ્ય સન્માન કરવાનું પણ કદી ભૂલ્યું નથી. શિક્ષણના ક્ષેત્રમાં આગળ વધી સ્નાતક થનાર શ્રી. કુમુદચંદ્ર ચાંપશી છેડાનું બી. કોમ થવા બદલ, તથા શ્રી. શીવજી રામજી ધરોડનું પણ બી. કોમ. થવા બદલ, તેમજ કુ. કસ્તુરબ્હેન વિશનજી રામજીનું પત્રીના પહેલા મહીલા મેટ્રીક્યુલેટ થવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. કેળવણી પ્રત્યે આદર દાખવવા તથા શિક્ષણમાં આગળ વધતા યુવક યુવતીઓને ઉત્સાહિત કરવા, સમાજ આવા સમારંભો યોજે છે. ગામના વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓને પુસ્તકો કે અન્ય મદદની જરૂર પડે ત્યારે સમાજ તેમને તે પણ આપે છે.

સમાજના સ્થાનિક કાર્યકર્તા શ્રી. ખીમજી જેવત ધરોડ, લાંબા સમયે મુંબઈ આવેલ હોઇ, તેમની સેવાઓની કદર કરવા તથા તેમના પ્રત્યે સન્માનની લાગણી વ્યક્ત કરવા, એક સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો. શ્રીયુત ખીમજીભાઇ વર્ષોથી નિઃસ્વાર્થભાવે સમાજની સ્થાનિક સર્વ પ્રવૃત્તિઓનું સંચાલન કરતા આવ્યા છે અને કરે છે. તેઓ કચ્છ મતદાર મંડળમાં ભદ્રેશ્વર વિભાગમાંથી ચુંટાઇ આવેલ સભ્ય છે, તેમજ હાલમાં મુંદરા તાલુકા કોંગ્રેસ સમિતિના ઉપ-પ્રમુખ પણ છે, તેમનું યોગ્ય સન્માન કરી સમાજે તેમની સેવાની કદર કરી હતી.

ઉપરાંત ગામના વયોવૃધ્ધ, સેવાભાવી, પીઢ કાર્યકર શ્રી. નરશી જેશંગ મુંબઇ પધારતાં તેમની મૂક પ્રવૃત્તિઓ બદલ અભિનંદન આપવા એક સમારંભ યોજવામાં આવ્યો હતો. શ્રી. નરશી જેશંગ ગામનાં એક પરોપકારી સજ્જન છે, તેમણે એક વિશાળ સાર્વજનિક ધર્મશાળા બંધાવી છે; જે ગામનો સારા પ્રસંગોએ અતી ઉપયોગી થાય છે. તેઓ નિખાલસ દિલના અને આનંદી સ્વભાવના છે. સમાજે તેમનો સત્કાર કરી. ગ્રામવાસીઓની તેમના તરફની ભલી લાગણી વ્યક્ત કરી હતી.

## પ્રવાસીઓ માટે વ્યવસ્થા :—

સંવત ૨૦૦૩ની સાલમાં આપણી જ્ઞાતિના છાત્રાલય, શા. હી. ભો. એન્ડ સન્સ શ્રી. ક. વી. ઓ. જૈન બોર્ડિંગના વિદ્યાર્થીઓ જ્યારે કચ્છના પ્રવાસે આવ્યા હતા, ત્યારે પત્રી આવતાં, સમાજ તરફથી તેમની દરેક સગવડ સાચવવામાં આવી હતી. તેમના કાર્યક્રમો જોવા માટે ગામ વાંકીના બાળકો તથા બાલિકાઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું; અને તેમના માટે ભોજન પ્રબંધ પણ કરવામાં આવ્યો હતો. આ પાછળ સમાજને ૬૫૦) કોરીનો ખર્ચ થયો હતો. તે સિવાય ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ અને અધ્યાપકો પત્રી પધારતાં, સમાજ તરફથી તેમનો યોગ્ય સત્કાર કરવામાં આવ્યો હતો. તેઓએ ગ્રામસફાઇ તથા કાંતણનો કાર્યક્રમ યોજ્યો હતો. સમાજની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરી તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમજ અન્ય ગામોના વિદ્યાર્થીઓ પણ પર્યટને આવે છે ત્યારે સમાજ તરફથી તેમના માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે છે.

## અનશનવ્રતધારીઓ :-

સમાજના મુરબ્બી, પરોપકારી, દયાળુ અને સંતપુરૂષ સમા શ્રી લખમશી કેશવજીએ સંવત ૨૦૦૩માં અનશનવ્રતની આકરી અને મહાન પવિત્ર તપશ્ચર્યા આદરી, ૨૮ દિવસના અંતે આ નશ્વર દેહનો અંત આણ્યો. તે પ્રસંગે સમાજના ત્રણ સભ્યોને ખાસ વ્યવસ્થા માટે દેશમાં મોકલવામાં આવ્યા હતા. તે સિવાય શ્રી. વજપાર કચરાના સુપુત્રી કુમારી મણીબાઇના અનશનવ્રત વખતે તથા શ્રી ભારમલ મણશીના અનશનવ્રત વખતે તેમજ સ્થા. આઠ કોટી સંપ્રદાયના આર્યાજી મેઘબાઇ સ્વામીના અનશનવ્રત વખતે સમાજે યથા યોગ્ય વ્યવસ્થા કરી હતી.

## કાપડીઆ રોડ અને વૃક્ષ ઉછેર:—

ગ્રામસુધારણાના કાર્યમાં એક ગામને અન્ય ગામો સાથે સાંકળતા વ્યવહાર માર્ગોની સુધારણા અગ્રસ્થાને છે પત્રીથી લાખાપુર તરફ જતો રસ્તો એક અગત્યનો માર્ગ છે. મોટર સ્ટેન્ડ. અશોકવાડી તથા શ્રી ગાંધી વિદ્યાલયનું નવું મકાન આ માર્ગ પર આવેલ છે. આ રસ્તો ખાડા ટેકરાવાળો, વાંકોચૂંકો તથા પહોળાઈમાં ઓછો હોવાથી તેની સુધારણા કરવાની અત્યંત આવશ્યકતા હતી. આ રસ્તો વાહનવ્યવહારને સગવડભર્યો થાય એ હેતુથી તેને સારી રીતે બાંધી વીસ ગજ પહોળો કરવામાં આવ્યો છે. આ કાર્ય પાછળ થયેલ કોરી ૧૦૪૫નો ખર્ચ શ્રી ટોકરસી લાલજી કાપડીઆ તરફથી આપવામાં આવેલ છે. ગ્રામ સુધારણા તથા સેવાના દરેક ક્ષેત્રમાં તેમની સહાય રહી જ છે તે માટે ગામ તેમનું આભારી છે. તેમના પ્રત્યેના સન્માનની લાગણીને કારણે આ રસ્તાનું નામ 'કાપડીઆ રોડ' રાખવામાં આવ્યું છે. આ રસ્તાને વિસ્તૃત બનાવવા પોતાના ખેતરોની જમીન વિનામુલ્યે સમાજને અર્પણ કરનાર ૧ જેશર શીવસિંહજી વેરસાલજી ૨ જેશર વિરમજી ચાંદાજી ૩ શા. લાલજી ભીમશી ૪ વાંઢીના ખોજા અબદુલા ફાજલ ૫ શા. ટોકરસી લાલજી તથા શ્રી પત્રીના જાડેજા ભાયાતોનું સમાજ હાર્દિક આભાર માને છે.

## દખણાદો હવાડો :—

ગામની પશ્ચિમે આવેલી નદીમાં દક્ષિણ બાજુએ આવેલ હવાડો, 'દખણાદા હવાડા' તરીકે ઓળખાય છે. તે શ્રીયુત લાધા દનાણી તરફથી બાંધવામાં આવેલ છે. લાંબા સમયથી તેનો વહીવટ તેના કુટુંબીઓ તરફથી કરવામાં આવતો હતો. સંવત ૨૦૦૬ની સાલમાં એ હવાડાના વહીવટકર્તાઓના વિનંતીપત્ર પરથી સમાજે તેનો વહીવટ પોતાને હસ્તક લીધો છે; અને હવાડો ભરાવવાની વ્યવસ્થા કરે છે.

## ખાદી પ્રવૃત્તિ :—

ગામશ્રી ગઢસીસાના ખાદી કાર્યાલયના સંચાલકો ખાદીના વેચાણનું પ્રચારકાર્ય કરવા અને કેન્દ્રો શરૂ કરવા ગામે ગામ ફરતા ફરતા પત્રી આવેલા. પ્રવૃત્તિને સહકાર આપવા સમાજે રૂા. ૩૩૯ની ખાદી ખરીદ કરેલ; અને તેને પડતર ભાવે વેચવાનું શરૂ કરેલ છે.

## મેલેરિયા પ્રતિકાર :-

ગામની સીમાની બાજુમાંથી જ ખેંગાર સાગર ડેમની નહેર વહે છે. નહેર કાચી બાંધેલી હોવાથી અને તે વર્ષના સાતેક મહીના સતત વહેતી હોવાથી, તેના ભેજની અસર ગામના સ્વાસ્થ્ય ઉપર થઈ હતી. આ અસરને કારણે મેલેરિયાનો ઉપદ્રવ ગામમાં સતત રહ્યા કરતો હતો. સમાજે આ ખાતાના અધિકારીને અરજીઓ કરી, આ અરજીઓને કારણે રાજ્ય તરફથી ગામની સીમા સુધીમાં નહેરને પાકી બાંધવામાં આવી.

મેલેરિયાના ઉપદ્રવ દરમ્યાન ગામવાસીઓને તાવની ગોળીઓ તથા ઇંજેકશનો મફત આપીને સમાજે યથાશક્તિ મદદ કરી છે. તા. ૨૧–૧૧–'૪૨ થી તા. ૧૮–૧–'૪૩ સુધીમાં ૭૦૪ દર્દીઓને તાવ માટે ઉકાળો તથા ૯૨ દર્દીઓને એકંદરે ૧૯૯૦ ગોળીઓ આપવામાં આવી હતી. તે સિવાય તા. ૨૧–૧૦–'૪૫થી તા. ૧૦–૧–'૪૬ સુધીમાં ૧૭૯ દર્દીઓએ કુલ્લે ૧૮૩૮ ગોળીઓનો લાભ લીધો હતો. તા. ૧–૩–'૪૬ થી તા ૨૮–૮–'૪૬ સુધીમાં દર્દીઓ પાછળ કુલ્લે ૧૧૭૭ ગોળીઓ વાપરવામાં આવી હતી. આ ઉપરાંત અન્ય કેટલાએ અવસરો પર સમાજે ગોળીઓ તથા ઇંજેકશનો મફત આપ્યાં છે અને આપી રહ્યું છે.

## ગ્રામ સફાઈ :–

આપણા ગામડાંઓ વિષે એક ફરિયાદ ઘણા વખતથી ચાલુ રહી છે અને તે છે અસ્વચ્છતાની. પૂ. ગાંધીજી તથા પૂ. સરદાર પટેલ પણ સ્વચ્છતાને ગામડાની પ્રથમ જરૂરિયાત તરીકે બતાવી છે. ગામડાઓમાં ખાસ કરીને જાહેર સ્વચ્છતા તરફ વિશેષ દુર્લક્ષ સેવવામાં આવે છે. ગામની એક જાહેર સંસ્થા તરીકે સમાજે આ કાર્ય પણ ઉપાડી લીધું. પ્રત્યેક શેરીને ત્રણ ત્રણ દિવસે સંપૂર્ણ સાફ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે, ઉપરાંત ગામના બજાર જેવી જાહેર જગ્યાઓ રોજ સાફ કરવામાં આવે છે.

## હરિજન શાળા :–

વર્તમાન સૈકાના ત્રીજા દાયકા દરમિયાન પૂ. ગાંધીજીની રાહબરી હેઠળ અસહકાર અને સવિનય કાનુનભંગની ચળવળો ઉપાડી રાષ્ટ્રિય મહાસભાએ દેશમાં સારી જાગૃતિ આણી હતી. મહાત્માજીએ એક નવો પેગામ આપી, ચૌદ મુદ્દાવાળા રચનાત્મક કાર્યક્રમની ઘોષણા કરી. એ ચૌદ મુદ્દાઓમાં બીજી પ્રવૃત્તિઓ ઉપરાંત અસ્પૃશ્યતા નિવારણ અને 'હરિજનોધ્ધાર'ની પ્રવૃત્તિનો પણ સમાવેશ થતો હતો. પૂ. ગાંધીજીએ આ મહત્વના પ્રશ્ન પર જનમત કેળવવા પ્રચાર આરંભ્યો. તેમના તે વખતના લખાણો અને ભાષણોની અમારા ગામના એક ઉગતા યુવાન શ્રી ટોકરશી લાલજી કાપડીઆ પર ઉંડી છાપ પડી. તેમણે પત્રીમાં આ કાર્ય આરંભવાનો નિર્ણય કર્યો. આ નિર્ણયના અમલ માટે 'હરિજન સેવા સંઘ'ની રચના કરવામાં આવી. આ સંઘના આશ્રયે એક હરિજન શાળા શરૂ કરવામાં આવી. સારી જેવી જહેમત ઉઠાવી શ્રી ટોકરશીભાઈએ શાળાના મકાન માટે રંગુનમાં ફંડ ઉભું કર્યું. શાળાનું સ્વતંત્ર મકાન બાંધવામાં આવ્યું. સંવત ૨૦૦૩ સુધી આ સંઘના જ આશ્રયે આ શાળા ચાલતી હતી. ત્યાર બાદ સમાજે આ આ પ્રવૃત્તિ પોતાને હસ્તક લીધી. સંવત ૨૦૦૭ સુધી આ શાળાનો વહીવટ કર્યા બાદ સમાજના નવા બંધારણને અનુલક્ષીને, હરિજન બાળકોને શ્રી ગાંધી વિદ્યાલયમાં દાખલ કરવામાં આવ્યા. આવી રીતે હરિજન શાળાની સ્વતંત્ર પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

## રાષ્ટ્રભાષા અને પ્રૌઢ શિક્ષણ :–

" કચ્છ પ્રદેશમાં 'સદનવાડી' સંસ્થાનું નામ એક અગ્રગણ્ય શિક્ષણ સંસ્થા તરીકે પ્રસિધ્ધ છે. આ સંસ્થા પૂ. ગાંધીજીના સિધ્ધાંતો અનુસાર બાલ શિક્ષણ, રાષ્ટ્રભાષા પ્રચાર તથા પ્રૌઢ શિક્ષણ જેવી રચનાત્મક પ્રવૃત્તિઓ ચલાવે છે. આ સંસ્થાના સંચાલકોએ પ્રૌઢ શિક્ષણ તથા રાષ્ટ્રભાષા પ્રચારના કાર્ય માટે જાણીતા રચનાત્મક કાર્યકર શ્રી. માર્કંડરાય મહેતાને પત્રી મોકલ્યા હતા.' શ્રી. માર્કંડભાઈ કચ્છ જિલ્લા રચનાત્મક કાર્ય સમિતિના મંત્રી છે, રાષ્ટ્રભાષાના તજજ્ઞ છે. કચ્છ પ્રદેશમાં રાષ્ટ્રભાષામાં "રત્ન" થનાર તેઓ પહેલા જ છે. એમણે કેળવણીના ક્ષેત્રમાં પણ સારી નામના મેળવી છે. કેટલાક શાળોપયોગી પુસ્તકો પણ, બાળકોને સુવાચ્ય એવી ભાષામાં તેમણે રચ્યા છે. આ તકનો લાભ લઈ સમાજે પોતાના 'વિનય મંદિર'નું સંચાલન તેમને હાથ ધરવા કહ્યું. તેમણે આ માગણીનો સ્વીકાર કર્યો. શાળાની આર્થિક બાજુ સમાજ હસ્તક રાખી બાકીનો સંપૂર્ણ વહીવટ તેમને સોંપવામાં આવ્યો. શાળામાં તેમણે જગવિખ્યાત મોન્ટેસરી પધ્ધતિ દાખલ કરી, તે માટેના સાધનો વસારાવ્યા. આ ઉપરાંત પ્રૌઢ શિક્ષણ તથા રાષ્ટ્રભાષાના વર્ગો ચલાવી તેમણે ગામમાં સારી જાગૃતિ આણી. તેમણે એક શિક્ષક તાલીમ કેન્દ્ર પણ શરૂ કર્યું; કે જેમાં આસપાસના ગામડાના શિક્ષકોને યોગ્ય માર્ગદર્શન આપ્યું. તેઓ પોતે ખાદી કાર્યકર છે અને ગામમાં કાંતણવર્ગો પણ ચલાવ્યા હતા. પોતાના કુટુંબના નિર્વાહ માટે ફક્ત માસિક રૂ. ૧૦૦) લઈ પત્રીની નિઃસ્વાર્થ સેવા કરી છે. તેઓએ આદરેલ સર્વ પ્રવૃત્તિઓને સમાજે સહકાર આપ્યો હતો અને તે પ્રવૃત્તિઓ સંબંધી નાણાંકિય સર્વ સગવડો સમાજે કરી હતી.

રાષ્ટ્રભાષા તથા પ્રૌઢ શિક્ષણની અગત્યતા સમાજે સ્વીકારી છે. તેને એક આવશ્યક પ્રવૃત્તિ તરીકે સ્વીકારી તેના વર્ગોનું સંચાલન કરવા એક સમિતિ પણ નીમાઇ છે. માર્ચ ૧૯૫૩ થી પ્રૌઢ શિક્ષણના વર્ગો શરૂ કરવામા આવ્યા છે. શરૂઆત ચાર જણથી થઇ હતી પરંતુ જુલાઇ ૧૯૫૩ સુધીમાં ૧૬ જણ અક્ષરજ્ઞાન મેળવતા થયા છે. આ ઉપરથી દેખાય છે કે આ વર્ગો ભવિષ્યમાં વધુ લોકપ્રિય થશે.

## આબાદી ફંડ :—

ગ્રામ સુધારણાની પ્રવૃત્તિને વિસ્તૃત કરી, ગામના રસ્તા કુવા, તળાવોની સુધારણા વૃક્ષ ઉછેર દિવાબત્તી અને વૈદકીય રાહત જેવા અગત્યના કાર્યોને સહેલાઇથી હાથ ધરી શકાય, એટલા માટે સંવત ૨૦૦૭થી "શ્રી આબાદી ફંડ" નામનું એક ખાતું ખોલવામાં આવ્યું છે. આ ફંડમાં ઓછામાં ઓછી સવા રૂપીઆ સુધીની રકમ પણ સ્વીકારવામા આવે છે, મુખ્યત્વે જન્મ પ્રસંગે તથા લગ્ન પ્રસંગે ફકત ગામનાં જ રહેવાસીઓ પાસેથી આ ખાતામા રકમ સ્વીકારવામા આવે છે. સવા રૂપીઆ જેવી નાની રકમ આપનાર વ્યકિતને ત્યાં થએલ જન્મની તારીખ તથા મીતી સહિત કાળજીભરી નોંધ રાખવામાં આવે છે. આ રીતે આજના સમયમા અગત્યની નોંધ તરીકે ગણાતી જન્મ તારીખની નોંધ રાખી, સમાજ એક અગત્યનું કાર્ય કરી રહ્યું છે.

## ખેડુત સંમેલન :—

ભારત ખેતી પ્રધાન દેશ હોવા છતાં ખેડુતોની પરિસ્થિતિ સંતોષકારક તો નથીજ. વિદેશી સરકારે પણ આ પ્રશ્ન પર લક્ષ આપ્યું નહોતું. ભારત આઝાદ થતાં આપણે દેશની સર્વદેશીય ઉન્નતિ માટે વિચારતા થયા. આપણા તાલુકામાં પણ ખેડુતોના પ્રશ્નો પર રાજ્યનું ધ્યાન ખેંચવા અને ખેતી વિષયક સુધારાઓની ચર્ચા કરવા એક સંમેલન યોજવાનુ, મુંદરાના જાણીતા કોંગ્રેસ કાર્યકર ડૉ વાઘજીભાઇ સોલંકીએ વિચાર્યું. ડૉ. વાઘજીભાઇ જડીબુટ્ટીના નિષ્ણાત છે અને ખેતીવાડીના પ્રશ્નોમાં ઉંડો રસ ધરાવે છે. સંમેલન માટે સ્થળ પસંદગીની વિચારણા થતાં પત્રી પર સૌની પસંદગી ઉતરી. સમાજના કાર્યવાહકોને પૂછવામાં આવતાં તેમણે પોતાથી બનતો સર્વ સહકાર આપવાની તથા વ્યવસ્થા જાળવવાની બાંહેધરી આપી.

તદનુસાર સંવત ૨૦૦૫ ની સાલમાં પત્રી મુકામે એક ખેડુત સંમેલન યોજવામાં આવ્યું હતું. ગામના યુવાન કાર્યકર્તા અને સંસ્થાના પેટ્રન તથા ટ્રસ્ટી શ્રી ટોકરસી લાલજી કાપડીઆ આ સંમેલનના સ્વાગત પ્રમુખ હતા. સમાઘોઘા નિવાસી સ્વ. રાવબહાદુર શેઠશ્રી વીરજી ડાહ્યાભાઈ પ્રમુખસ્થાને હતા. તેમજ મંત્રી તરીકે શ્રી શીવજી નથુ છેડા, ખીમજી જેઠા ધરોડ, જાડેજા રઘુવીરસિંહ ભગવતસિંહ, મુંદરાના ડૉ. વાઘજી સોલંકી, તથા શ્રી માર્કંડરાય મહેતાએ સેવા બજાવી હતી. આ પ્રસંગે ગામમાં પધારેલ સર્વ મહેમાનોની સરભરા સમાજ અને મહાજને સાથે મળી, સુંદર રીતે કરી હતી, તેમજ સંમેલનના યોજકોને અભિનંદન આપ્યા હતા.

## અશોકવાડી :—

પરતંત્રતાની બેડીઓમાંથી છૂટયા પછી આપણી સરકારો દેશને મુંઝાતા વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે મથી રહી છે. સૌથી ઉંડી વિચારણા માગી લેતો પ્રશ્ન કેળવણીના ધોરણનો છે. બ્રિટીશરોએ આપણને, ભૌતિક જ્ઞાનને વિશેષ મહત્વ આપતું, જડવાદી શિક્ષણ આપી, જીવનોપયોગી અનેક કળાઓથી વિમુખ

કર્યાં છે. પૂ. બાપુજીએ આ ગહન પ્રશ્નના ઉકેલ માટે "પાયાની કેળવણી" ની યોજના દેશ સમક્ષ મૂકી. આ યોજનામાં ગૃહઉદ્યોગો તથા ખેતીને પ્રધાનપદ આપી બીજા વિષયોની કેળવણીની પણ જોગવાઈ કરવામાં આવી છે. "શ્રી પત્રી સર્વોદય સમાજે" પૂ. મહાત્માજીના સિધ્ધાંતો સ્વીકાર્યા છે અને તેને અનુલક્ષીને તેમની યોજના મુજબનું શિક્ષણ આપવાની ઉમેદ ધરાવે છે. ભવિષ્યમાં જ્યારે આ યોજના સમગ્ર રાષ્ટ્રમાં અમલી બને ત્યારે તત્કાળ તેને કાર્યાન્વિત બનાવી શકાય એ ધ્યેયબિંદુને દ્રષ્ટિ સમક્ષ રાખીને સમાજે 'અશોકવાડી' ની રચના કરી છે.

શ્રી ગાંધી વિદ્યાલયના મકાનની બાજુની જમીન કે જે આશરે બાર વીઘા છે, તે સમાજની માલીકીની છે. તે જમીન શ્રી ટોકરશી લાલજી કાપડીઆ તરફથી સમાજને ભેટ આપવામાં આવી છે. સમાજે તે જમીન ખેતીવાડીના ઉપયોગમાં લીધેલ છે. આજ એ વાડી "શ્રી અશોકવાડી" ના નામે ઓળખાય છે. સંવત ૨૦૦૬ માં એની નામકરણવિધી કચ્છના કલેક્ટર શ્રી તુલસીદાસ શેઠના શુભ હસ્તે કરવામાં આવી હતી. ખેતીવાડીની પ્રવૃત્તિને એક વિભાગ બનાવી, એનો વિકાસ કરવાનું સમાજે નક્કી કર્યું છે. આ વાડી પાછળ સમાજને રૂ. ૯૦૦૦) અંકે નવ હજારનો ખર્ચ થયો છે.

## બંધારણની નવરચના :—

આઝાદીના આંદોલનોના સમયમાં રાષ્ટ્રપિતાએ આપણને રાજકિય માર્ગદર્શન આપવા ઉપરાંત, સામાજિક અને નૈતિક ક્ષેત્રે ઉન્નતિ સાધવાની પણ પ્રેરણા આપી. કાળના વહેણ સાથે સંજોગો પલટાય છે અને પલટાએલા સંજોગોને આધીન થવાની કોઇપણ જાગૃત સમાજની ફરજ થઇ રહે છે. પૂ. મહાત્માજીના સિધ્ધાંતો અનુસાર કોમી ખ્યાલોનો ત્યાગ કરી, સર્વ જનસમાજના શ્રેય માટે કાર્ય કરવાનું સમાજે નક્કી કર્યું.

તદનુસાર સંવત ૨૦૦૫ માં મળેલ સમાજની ૧૦૧ મી સામાન્ય સભાએ સમાજનું ચાલુ "શ્રી પત્રી વીશા ઓશવાળ જૈન હિતવર્ધક સમાજ" એ નામ બંધ કરવાનું નક્કી કર્યું. નવું બંધારણ ઘડવામાં આવ્યું. નવા બંધારણ હેઠળ, સંસ્થાના ધ્યેયનો સ્વીકાર કરનાર, સત્ય અને અહિંસાનો સિધ્ધાંત અપનાવનાર, ૧૮ કે તેથી વધુ ઉંમરની પત્રી નિવાસી કોઇપણ વ્યકિત સભાસદ થઇ શકે એવું નક્કી કરવામાં આવ્યું. શ્રી પત્રી વીશા ઓશવાળ જૈન હિતવર્ધક સમાજ કે જે સંવત ૧૯૮૪ ની સાલમાં સ્થાપન થયેલ અને જે અત્યાર સુધી એજ નામે કાર્ય કરી રહ્યું હતું તે સંવત ૨૦૦૬ના કારતક વીદ ૭૦ ને રવીવાર તા. ૨૮–૧૧–૪૯ થી શ્રી પત્રી સર્વોદય સમાજના નામે કાર્ય કરે છે. સમાજની શાળાનું "વિનય મંદિર" નામ પણ બદલીને "શ્રી ગાંધી વિદ્યાલય" નામ રાખવામાં આવ્યું. તે બેઉના નામકરણ વિધી કચ્છ પ્રદેશ કોંગ્રેસ એડહોક સમિતિના પ્રમુખ શ્રી ગુલાબશંકરભાઇ ધોળકીઆના શુભ હસ્તે કરવામાં આવી. પૂજ્ય ગાંધીજીના સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી, ગ્રામજનો વચ્ચે ભ્રાતૃભાવ કેળવી, તેમના સમગ્ર જીવનમાં સર્વોદયની ભાવના ફેલાવી, જનતાની આર્થિક, સામાજિક, શૈક્ષણિક, આરોગ્ય, સંસ્કાર અને નૈતિક ક્ષેત્રે ઉપયોગી થવાની તથા ગ્રામવાસીઓ માટે જીવનની જરૂરિયાતો તેમજ અનુકૂળતાઓ માટેના જરૂરી સાધનો પુરા પાડવા, શક્ય તેટલા પ્રયત્નો કરવાનો ઉદ્દેશ, સમાજે નવા બંધારણથી સ્વીકાર્યો છે.

## શાળા માટે મકાનની આવશ્યકતા :—

સંવત ૧૯૯૮ની સાલ સુધી ગામમાં સરકારી, ખાનગી તથા મહાજન હસ્તકની એમ વિવિધ શાળાઓ ચાલતી હતી. મહાજને પોતાની શાળા બંધ કરતાં સમાજને પોતાની અન્ય પ્રવૃત્તિઓની સાથે સાથે કેળવણી વિષયક પ્રવૃત્તિ પણ શરૂ કરવી પડી; અને એમાંથી "વિનય મંદિર"નો જન્મ થયો. વિનય મંદિરનો

વહીવટ સમાજ હસ્તક આવ્યા બાદ, માત્ર ત્રણ મહિનાના ટુંકા સમયમાં જ વિદ્યાર્થીઓની સંખ્યા દોઢસો ઉપર પહોંચી. "સારા કાર્યોમાં નડતર ન આવે તો કાર્યકર્તાઓની કસોટી સિધ્ધીએ પહોંચતી નથી" એ કહેવત સમાજને માટે પણ ખરી પડી. દોઢસો વિદ્યાર્થીઓને વ્યવસ્થિત બેસાડી શકાય એવું મકાન મળવું મુશ્કેલ બન્યું. એટલે સમાજે પોતાની શાળા માટે સ્વતંત્ર અને સગવડતાવાળું મકાન બાંધવાનો નિર્ણય કર્યો. ત્રણ હજારની વસ્તી ધરાવતા ગામની જરૂરીઆત માટે તથા સમાજના વર્ષોના કાર્ય પર કળશ ચડાવવા, તેમજ ગામનાં બાળકોનાં શિક્ષણ, સાહસ અને સંસ્કૃતિ વિકસાવવા, એક સ્વતંત્ર મકાન માટે દાતાઓ જોગ એક વિનંતિ પત્ર બહાર પાડવામાં આવ્યું. સમાજના કાર્યોમાં તથા વહીવટી તંત્રમાં ગામવાસીઓને વિશ્વાસ હોવાથી, એ વિનંતિનો સુંદર જવાબ મળ્યો. ગામની પૂર્વ દિશામાં આવેલ ખળાવાડમાં છ નંબરનો એક પ્લોટ લેવામાં આવ્યો તેના ઉપર છ નાના ઓરડા તથા એક સભાગૃહ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું. ઓરડાના રૂા. ૫૦૦) તેમજ સભાગૃહના રૂા. ૧૦૦૦) સખી દાતાઓના નામ આપવાની શરતે સ્વીકારવામાં આવ્યા. જેમાં નીચે જણાવેલ સદ્‌ગૃહસ્થોએ ઉદાર સહાય કરી હતી.

૫૦૧) શા. રામજી ભારમલની કું. ૫૦૧) શા. હીરજી ઘેલાભાઇની કું. (નવાવાસવાળા) હા. શ્રી વીશનજી રામજી કેશવજી, ૫૦૧) શા. ઘેલાભાઈ જેસંગ, ૨૫૧) શા. શામજી વેલજીની કું. ૨૫૧) શા. રવજી સોજપાળ, ૫૦૧) શા. ખીમજી કાનજીની કું. ૧૫૦૦) શા. નથુ મુરજી કુરપાર.

આ સમય દરમિયાન, પત્રી મહાજન તરફથી એક શરતી યોજના કરવામાં આવી. ગામની પૂર્વ દિશામાં જ ધર્મવાડાના ઉપયોગ માટે બાંધેલ છ નંબરનો પ્લોટ મહાજનની માલીકીનો છે. સમાજના પ્લોટની બદલીમાં, તે પ્લોટ મહાજને સમાજને આપવાની ઓફર કરી. આ ઓફર બદલ સમાજે, મહાજનનો તેમના આવા સહકાર બદલ આભાર માન્યો; અને એને પરસ્પર ભ્રાતૃભાવ વધારવાના અને ગામની ઉન્નતિ કરવામાં સહકાર આપવાના ચિન્હ તરીકે ગણ્યો. સમાજે મહાજનની આ ઓફરનો સ્વીકાર કર્યો.

## જમીન ભેટ :—

સમાજ આ પ્લોટ ઉપર બાંધકામ શરૂ કરે તે પહેલાં, એક બીજો અગત્યનો બનાવ બન્યો. ગામની દક્ષિણ દિશામાં અને મુંદરા જવાના રાજમાર્ગ ઉપર આવેલ ખેતર ઇશાવાળામાં પ્લોટો વેચવામાં આવ્યા. ગામના જુદા જુદા ગૃહસ્થોએ તેમાંથી પોતાની જરૂરીઆત પ્રમાણે પ્લોટો લીધા. તેઓમાંના શ્રી ખીમજી જેવતે પોતાના બે નંબર, શ્રી ડુંગરશી પદમશીએ બે નંબર, શ્રી જેઠાભાઈ નાંગશીએ બે નંબર, શ્રી શીવજી મોણસીએ બે નંબર, શ્રી હામજી જેઠાભાઇએ બે નંબર, અને શ્રી રામજી ઉકેડા મુરજીએ ૪ નંબર તથા શ્રી ટોકરસી લાલજીએ આશરે ૪ નંબર જમીન સમાજને અર્પણ કરી. તેમજ જો વિનય મંદિરનું બાંધવા ધારેલું મકાન ઇશાવાળા ખેતરના પ્લોટોમાં બાંધવામાં આવે; વિનય મંદિર સાથે અન્ય કોઈપણ વ્યક્તિનું નામ જોડવામાં ન આવે અને જરૂર જણાય તો પૂ. ગાંધીજીનું જ નામ જોડવામાં આવે એ શરતે, શ્રી ટોકરશી લાલજી કાપડીઆએ રૂ. ૧૫૦૦૦) અંકે પંદર હજારની ઉદાર સહાય કરી.

## નાણાંકિય ભેટ અને યોજના :—

આ સિવાય સમાજે વિનય મંદિરના મકાન બાંધકામ માટે વધારે ફંડ કરવાનો નિર્ણય કર્યો. રૂપીઆ એકની એવી કુલ્લે પચીશ હજાર ઇનામી પાવતીઓ બહાર પાડવામાં આવી. તેમાંથી રૂપીઆ પાંચ હજાર ઇનામના આપવામાં આવ્યા. બાકી રૂપીઆ વીસ હજાર મકાન ફંડ માટે વધ્યા. શ્રી ટોકરશી લાલજી કાપડીઆ તરફથી ફરી શ્રી ગાંધી વિદ્યાલયના મકાન ફંડમાં રૂ. ૨૪૦૦૦) અંકે ચોવીશ હજાર જેવી નાદર રકમ આપવામાં આવી.

આમ સુંદર સહકાર અને મજબુત પીઠબળ મળતાં, સમાજે દશાવાળા ખેતરના પ્લોટોમાં મકાન બાંધવાનું નક્કી કર્યું. સમાજને ભેટ મળેલ જમીનના પ્લોટો ઉપરાંત શ્રી ગાંધી વિદ્યાલયના મકાનને વિશાળ પટાંગણવાળું બનાવવા તથા તેની બાજુમાં ખેતીવાડીની પ્રવૃત્તિ માટે અશોકવાડી બનાવવા, જેટલી જોઈએ તેટલી જમીન શ્રી ટોકરશી લાલજીએ આપવાની ઓફર કરી. મકાન માટે નકશો તૈયાર કરવામાં આવ્યો. ૨૦×૧૬ ફુટના છ ઓરડા, મધ્યમાં ૪૦×૩૦ ફુટનો મુખ્ય સભાગૃહ તથા ચારે બાજુ સાત ફુટ પહોળી છતવાળી ગેલેરી બાંધવાનું કર્યું.

પ્રત્યેક ઓરડાના રૂ. ૩૦૦૦) અંકે ત્રણ હજાર તથા મધ્યસ્થ સભાગૃહના રૂ. ૬૦૦૦) અંકે છ હજાર. તે જગ્યા પર નામની તખતી લગાડવાની શરતે, દાતાઓ પાસેથી લેવાનું નક્કી કરવામાં આવ્યું. છ ઓરડાઓ માટે (૧) શ્રી નરશી તેજપાર છશરાવાલા (૨) શ્રી વીશનજી રામજી કેશરજી અને શ્રી શીવજી રામજી ધરોડ (૩) શ્રી ઉમરશી ભીમશી કોરા (૪) શ્રી નરશી મુરજીના સુપુત્રો શ્રી પ્રેમજી નરશી અને શ્રી ટોકરશી નરશી (૫) શ્રી નરશી જેસંગ અને (૬) શ્રી લીલાધર પુરશોત્તમ ચોથાણી એમ પ્રત્યેકે રૂ. ૩૦૦૦) અંકે ત્રણ હજાર આપી ઉદારતા દાખવી. તેમજ મધ્યસ્થ સભાગૃહ પ્રાર્થના મંદિર હોવાથી તેના ઉપર કોઈનું પણ નામ ન આપવાની શરતે રૂ. ૬૦૦૦) અંકે છ હજાર શ્રી ટોકરશી લાલજી કાપડીઆ તરફથી આપવામાં આવ્યા. ગામની પૂર્વ દિશામાં સમાજના પ્લોટ ઉપર જે મકાન બાંધવા ધારેલું અને તેના માટે જે સખી ગૃહસ્થોએ નામ આપવાની શરતે રૂપીઆ આપેલા, તેમને વિનંતિ કરતાં તેઓએ અનહદ ઉદારતા દાખવી પોતાની નામ આપવાની શરતને જતી કરી.

## મકાન પાછળ જહેમત :—

શ્રી ગાંધી વિદ્યાલયના મકાનનો ઈતિહાસ આપણે સવિસ્તર જોયો. ત્યારે મકાનના બાંધકામ સમયે પોતાના કિંમતી સમય અને શક્તિનો ભોગ આપનાર વ્યક્તિઓને પણ આપણે ભૂલી શકીએ નહિ. શ્રી શીવજી નથુ છેડા જેઓ સમાજના સ્થાપકોમાંના એક છે અને જેઓ સમાજના સ્થાપના કાળથી આજ દિવસ સુધી સક્રિય સભાસદ છે; તેઓએ સત્તર વર્ષ સુધી સમાજનું માનદ મંત્રીનું પદ સંભાળ્યું છે અને પાંચ વર્ષથી પ્રમુખપદ શોભાવે છે. મકાન બાંધકામ વખતે અન્ય કોઈપણ સભ્ય હાજર રહી શકે એમ ન હોવાથી, તેમણે પોતાની જાહેર, ધંધાર્થી તથા કૌટુંબિક, સર્વ પ્રવૃત્તિઓ છોડી ધોમધખતા તાપમાં, વહેલી સવારથી મોડી રાત સુધી સતત હાજર રહી, ખૂબ પરિશ્રમ ઉઠાવ્યો છે. પાંચ મહિના સુધી પોતાના ધંધા અને કુટુંબથી વિમુખ રહી, તેઓએ જે સેવા બજાવી છે તે ખરેખર અપૂર્વ છે. વિદ્યાલયના મકાન પાછળ જહેમત ઉઠાવનાર બીજા ભાઈ છે શ્રી ખીમજી જેવત ધરોડ. સમાજની સર્વ પ્રવૃત્તિઓના તેઓ સંચાલક છે. વર્ષોથી સમાજના સક્રિય સભાસદ છે. કાર્ય વિચારણા કરનાર કરતાં, સ્થાનિક કાર્યકર્તાને કાર્ય અમલમાં મુકવામાં કેટલી મુશ્કેલીઓ આવે છે, તે તો ગામડાનાં સ્થાનિક કાર્યકરો જ જાણે છે. સમાજના સર્વ કાર્યોનો અમલ કરવા શ્રી ખીમજીભાઈ અસીમ મહેનત કરે છે. પોતાના વ્યક્તિગત કાર્યોને છોડી તેઓએ વિદ્યાલયના મકાન બાંધકામ પાછળ ખૂબ પરિશ્રમ ઉઠાવ્યો છે. હિંમતવાળા સ્થાનિક કાર્યકરોને અભાવે ઘણી સંસ્થાઓ પોતાના ધારેલાં કાર્યો પાર પાડવામાં નિષ્ફળ નિવડે છે. સમાજ આવા હિંમતવાળા કાર્યકર મેળવવા બદલ પોતાને ભાગ્યશાળી માને છે.

શ્રી ગાંધી વિદ્યાલયનું મકાન આટલું ભવ્ય, મજબુત તથા વિશાળ પટાંગણવાળું થયું તેનો ખરો યશ શ્રી ટોકરશી લાલજી કાપડીઆને ફાળે જાય છે. તેમની ઉદાત્ત ભાવનાઓને મૂર્તિમંત કરવા તેમણે સમાજને ઉદાર રકમો તથા ભરપુર જમીનની ભેટ આપી. તેઓ ચુસ્ત **સર્વોદયવાદી** છે.

પત્રીને એક આદર્શ ગામ બનાવવાના તેમના મનોરથ છે. ગામની જે હરિજનશાળા ચાલતી હતી તે તેમના શુભ પ્રયાસનુંજ પરિણામ હતું. હરિજનશાળા સ્થાપવા તથા તેનું સ્વતંત્ર મકાન બાંધવા માટેના પ્રયત્નો કરનાર પણ તેઓ હતા. શ્રી ગાંધી વિદ્યાલયના નિભાવ ફંડ માટે રૂ. ૧૫૦૦૦) અને વિદ્યાલયના મકાન ફંડમાં તેમજ વિવિધ પ્રવૃત્તિઓ કરવા તેઓશ્રી તરફથી રૂ. ૨૪૦૦૦) ની નાદર રકમ મળી; તેમજ વિદ્યાલયના મકાન માટે છ નંબર જમીન અને વિદ્યાલયના સભાગૃહ માટે રૂા. ૬૦૦૦) તેમણે આપ્યા છે એ આપણે ઉપર જોઇ ગયા. આટલી મોટી સખાવતો છતાં કોઇપણ સ્થળે પોતાનું નામ ન રાખનાર શ્રી ટોકરસીભાઇને તેમની ઉદાત્ત ભાવનાઓ બદલ ખરેખર ધન્યવાદ ઘટે છે.

શ્રી શીવજીભાઇ જેવા નિઃસ્વાર્થ સેવાભાવી, શ્રી ખીમજીભાઈ જેવા હિંમતવાળા સ્થાનિક કાર્યકર તથા શ્રી ટોકરશીભાઇ જેવા સર્વોદયવાદી અને ઉદાર સખાવતો કરનાર સક્રિય કાર્યકરો મેળવવાં બદલ સમાજ ગૌરવ અનુભવે છે.

શ્રી ગાંધી વિદ્યાલયમાં આજે બધી કોમોના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. તેમની સંખ્યા આજે ૧૨૭ ની છે. જેમાં ૨૫ ટકા વિદ્યાર્થીઓ મફત ફીનો લાભ લઇ રહ્યા છે. વિદ્યાલય રાજ્યના કેળવણી ખાતામાં મંજુર થયેલું છે. શિક્ષકો માટે પ્રોવીડન્ટ ફંડની યોજના છે. ગરીબ વિદ્યાર્થીઓને મફત અથવા અર્ધી ફીથી દાખલ કરવામાં આવે છે. વિદ્યાલયમાં મોન્ટેસરી પ્રધ્ધતિના સાધનો તથા વ્યાયામ માટેના સાધનો જેવાં કે લાઠી, લેજીમ, મગદળ વિગેરે છે. જે વસ્તુની ઉણપ હતી તે હવા ઉજાશ અને વિશાળ પટાંગણવાળું મકાન મેળવવા પણ વિદ્યાલય આજથી ભાગ્યશાળી બન્યું છે. સમાજની પચીશ વર્ષની કારકીર્દિ પર આજે કળશ ચડયો છે અને સમાજ પોતાનું, વર્ષો પહેલાનું, સ્વપ્ન સિધ્ધ કરવા ભાગ્યશાળી બન્યું છે,

## ઉપસંહાર :—

સ્થાપના કાળથી આજ દિવસ સુધીમાં સમાજે જે વિવિધ પ્રવૃત્તિઓ ગામના હિતાર્થે કરી છે, તેનો ખ્યાલ આપને આ વિસ્તૃત રજુઆત પરથી આવ્યો હશે. પચીશ વર્ષનાં આ લાંબા ગાળામાં સમાજને પોતાના ઉદ્દેશ અનુસારની પ્રવૃત્તિઓ આદરવામાં ઘણી અડચણો ઉભી થઇ છે. પરંતુ સમાજના સભ્યોના દ્રઢ મનોબળ અને નમ્રતાને કારણે સમાજ હંમેશા વિજયવંતુ નિવડયું છે. સમાજમાં વહીવટમાં શકય તેટલી કરકસર કરવામાં આવી છે. શરૂઆતમાં જ્યારે સમાજને સ્થાનિક વ્યવસ્થા માટે પગારદાર માણસ રાખવો પરવડી શકે એમ ન હતું, ત્યારે સમાજના સભ્યોમાંથી જે દેશમાં હોય તેને વ્યવસ્થાપકનું કાર્ય કરવું પડતું. પોતાની નાની નાની પ્રવૃત્તિઓ માટે જ્યારે નાણાંની જરૂર પડતી, ત્યારે ઉત્સાહી સભ્યો પાસેથી જરૂર પુરતાં જ નાણાં ઉઘરાવવામાં આવતા. કોઈ સ્થાયી ફંડ ત્યારે ન હતું. છતાં સમાજના કાર્યકરોએ ઘણાં કાર્યોની જવાબદારી પોતાને શીરે લીધી છે અને તેમાં તેઓ ફળીભૂત થયા છે. જ્યારે જ્યારે સત્કાર સમારંભો યોજવામાં આવે છે, ત્યારે ત્યારે તેનું ખર્ચ સમાજના સભ્યો વ્યકિતગત રીતે પોતે વહેંચી લઈ, સમાજના નાણાંનો શકય તેટલો બચાવ કરે છે. સમાજે ઘણી પ્રવૃત્તિઓ કરી છે, કરી રહ્યું છે અને ભવિષ્યમાં કરવાની આશા રાખે છે. સૌ સ્નેહીઓ, શુભેચ્છકો, દાતાઓ, કાર્યકરો અને ગામવાસીઓનો સહકાર હશે તો ભવિષ્યમાં પણ પોતાની સર્વ પ્રવૃત્તિઓમાં યશસ્વી નિવડશેજ એજ. પ્રભુ સૌને સદ્બુધ્ધિ આપો. અસ્તુ.

(સંબંધ માહિતિના આધારે તૈયાર કરનાર : શ્રી ભાણજી ડાકરશી શીવજી દેઢીઆ.)